" સમાચાર નહીં, સાહસની વાર્તા "

# ટ્રેન્ડ ગુજરાત

Daily Trend Gujarat

તંત્રી-માલિક-પ્રકાશક: **રીજવાન મનસુરી** ● PRGI Registration Number : GJGUJ/25/A3847 ● E-mail : trendgujarat024@gmail.com ● Web www.trendgujarat.tmlive.in

● Year : 01 ● Edition : 17 ● Date 27-12-2025, **Saturday** ● Page : 4 ● Price : Rs.1 ● Annual : Rs. 360 ● Editor : RIJVAN MANSURI Mo: 9913720273

# કેરળમાં ભાજપે રચ્યો ઈતિહાસ, પ્રથમવાર મેયર પદ કબજે કર્યું



**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬**

થિરૂવનંતપૂરમ્ ,

કેરળના રાજકારણમાં શુક્રવારે એક નવો સૂર્યોદય થયો છે. દાયકાઓથી ડાબેરીઓ અને કોંગ્રેસના વર્ચસ્વવાળા આ રાજ્યમાં ભાજપે ઈતિહાસ રચી દીધો છે. ભાજપના વરિષ્ઠ નેતા વી.વી. રાજેશ કેરળની રાજધાની તિરુવનંતપુરમ નગર નિગમના પ્રથમ ભાજપના મેયર તરીકે ચૂંટાયા છે. શુક્રવારે સવારે યોજાયેલી મેયરની ચૂંટણીમાં ૪૫ વર્ષીય વી.વી. રાજેશને કુલ ૫૧ મતો મળ્યા હતા, જેની સાથે જ ૧૦૦ સભ્યોની હાજરીવાળા ગૃહમાં ભાજપે બહુમતી માટે જરૂરી આંકડો સફળતાપૂર્વક મેળવી લીધો હતો. આ ચૂંટણીમાં ભાજપના ઉમેદવારને એક અપક્ષ કાઉન્સિલર એમ. રાધાકૃષ્ણનનું પણ મહત્ત્વનું સમર્થન પ્રાપ્ત થયું હતું.

મતોના સમીકરણ પર નજર કરીએ તો, ભાજપના વી.વી. રાજેશને ૫૧ મત મળ્યા હતા, જ્યારે તેમની સામે લડી રહેલા CPIMના આર.પી. શિવાજીને ૨૯ અને કોંગ્રેસ પ્રેરિત UDFના ઉમેદવાર કે.એસ. સબરિનાથનને માત્ર ૧૯ મતોથી સંતોષ માનવો પડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બરની શરૂઆતમાં યોજાયેલી મ્યુનિસિપલ ચૂંટણીમાં ભાજપે ૧૦૦ માંથી ૫૦ બેઠકો જીતીને અગાઉથી જ પોતાની મજબૂત પકડ સાબિત કરી દીધી હતી.

આ જીત ભાજપ માટે માત્ર એક શહેરની સત્તા નથી, પરંતુ એક મોટી વિચારધારાની જીત માનવામાં આવે છે. છેલ્લા ૪૫ વર્ષોથી તિરુવનંતપુરમ નગર નિગમ પર CPM(ડાબેરીઓ)નો કબજો હતો. ભાજપે આ પરંપરાને તોડીને દક્ષિણ ભારતમાં પોતાની શક્તિનો પરિચય આપ્યો છે. કેરળ ભાજપ અધ્યક્ષ રાજીવ ચંદ્રશેખરે આક્ષેપ કર્યો હતો કે પાછલા શાસનમાં નિગમ ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગયું હતું અને પાયાની સુવિધાઓ જેવી કે કચરા વ્યવસ્થાપન અને પાણીના મુદ્દે શહેર પાછળ ધકેલાઈ ગયું હતું.

પદ સંભાળ્યા બાદ પોતાની પ્રથમ પ્રતિક્રિયામાં વી.વી. રાજેશે જણાવ્યું કે, અમે સૌને સાથે લઈને આગળ વધીશું. શહેરના તમામ ૧૦૧ વોર્ડમાં સમાન વિકાસ કરવામાં આવશે. અમારું લક્ષ્ય તિરુવનંતપુરમને એક આધુનિક અને વિકસિત શહેરમાં બદલવાનું છે. કેરળમાં આગામી છ મહિનામાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. અત્યાર સુધી ભાજપને કેરળમાં મોટી સફળતા મળી નથી(૨૦૧૬માં માત્ર ૧ બેઠક અને ૨૦૨૪માં ૧ લોકસભા બેઠક). આવી સ્થિતિમાં, રાજધાનીના મેયર પદ પર ભાજપનો વિજય એ સંકેત આપે છે કે રાજ્યની શહેરી જનતા હવે પરિવર્તન ઈચ્છી રહી છે. આ જીત વિધાનસભા ચૂંટણીમાં ભાજપના કાર્યકરો માટે બુસ્ટર ડોઝ સમાન સાબિત થશે.

રાજેશનું મેયર બનવું કેરળની શહેરી રાજનીતિમાં ભાજપ માટે એક નવા અધ્યાયનો સંકેત છે. કેરળની રાજધાનીમાં ભાજપની આ જીતે શહેરના કોર્પોરેશન પર સીપીઆઈએમના ૪૫ વર્ષના નિયંત્રણને સમાપ્ત કરી દીધું છે. સમારોહ બાદ કેરળ ભાજપના પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે પત્રકારોને કહ્યુ કે, સીપીઆઈએમએ કોંગ્રેસના અપ્રત્યક્ષ કે પડદા પાછળના સમર્થનથી તિરૂવનંતપુરમને બરબાદ કરી દીધું છે.

# પાટણમાં પશુપાલકો ઢોર ડબ્બામાંથી બળજબરીથી ગાયો છોડાવી ગયા

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬**

પાટણ,

પાટણમાં પશુપાલકોની દાદાગીરીનો વીડિયો વાયરલ થયો છે, પશુપાલકોની ઢોર ડબ્બાના કર્મચારીઓ સાથે દાદાગીરી સામે આવી છે, પશુપાલકોએ કર્મચારીઓને અપશબ્દો કહ્યા અને પશુપાલકોએ ઢોર ડબ્બામાંથી બળજબરીથી ગાયો છોડાવી ગયા હોવાની વાત સામે આવી છે. પાટણમાં પશુપાલકોની દાદાગીરીનો વીડિયો સામે આવ્યો છે, નગરપાલિકાના ઢોર ડબ્બાના કર્મચારીઓએ રસ્તે રખડતા પશુઓને ઢોર ડબ્બે પૂર્યા હતા અને પારેવા સર્કલ પાસે નગરપાલિકા હસ્તકની જગ્યામાં ૧૫ થી વધુ ગાયોને રખાઈ હતી ત્યારે પશુપાલકોએ જોહુકમી અને દાદાગીરી કરી ઢોર ડબ્બાના કર્મચારીઓને બીભત્સ ગાળો બોલી ઢોરોને છોડાવી ગયા હતા. એકી સાથે ગાયો દોડતા રોડ ઉપર અફરાતફડી મચી હતી, પશુપલકોની અનેક વખત દાદાગીરી આવી સામે. તો પાલિકાના અધિકારીઓનું કહેવું છે કે, ધોકા અને લાકડીઓ લઈને શખ્સો દાદાગીરી કરવા આવ્યા હતા અને ગાયોને છોડાવી ગયા હતા, આ મામલે પાટણ નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર આસમાન કરશનલાલ પાલે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં વિપુલ અમરતભાઈ ભરવાડ, વિષ્ણુમનુભાઈ ભરવાડ, રોહીત ઉર્ફે ભાણો ભરવાડ, ટીનો રબારી અને ભોપો ભરવાડ નામના પાંચ શખ્સોના નામનો ઉલ્લેખ છે.

# વોટના બદલે SUV કાર, થાઈલૅન્ડ ટ્રીપ, સોનું જીતો!

(સંપૂર્ણ સમાચાર સેવા)

પૂણે,

પૂણે મહાનગરપાલિકાની ચૂંટણીમાં હવે માત્ર ત્રણ અઠવાડિયા બાકી છે, ત્યારે સત્તા મેળવવા માટે ઉમેદવારોએ સામ-દામ-દંડ-ભેદની તમામ નીતિઓ અપનાવી દીધી છે. મતદારોને રીઝવવા માટે ઉમેદવારો વિદેશ પ્રવાસથી લઈને મોંઘી ગાડીઓ અને સોનાના ઘરેણાં જેવી લલચામણી ભેટોની લ્હાણી કરી રહ્યા છે.

પૂણે મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને વિવિધ વોર્ડમાં ઉમેદવારો દ્વારા મતદારોને રીઝવવા માટે નાણાકીય શક્તિ અને પ્રભાવનું અભૂતપૂર્વ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. લોહગાંવ-ધાનોરી વૉર્ડમાં એક ઉમેદવારે તો લકી ડ્રો દ્વારા ૧૧ લકી મતદારોને ૧૧૦૦ ચોરસ ફૂટના પ્લોટ આપવાનું વચન આપી રજિસ્ટ્રેશન પણ શરુ કરી દીધું છે, જ્યારે વિમાન નગરમાં દંપતીઓ માટે થાઈલૅન્ડની ૫ દિવસની લક્ઝરી ટૂરની લલચામણી ઓફર આપવામાં આવી રહી છે.

તેમજ મહિલા મતદારોને આકર્ષવા માટે હજારોની સંખ્યામાં કિંમતી પૈઠણી સાડીઓ, સિલાઈ મશીનો અને સાયકલોનું વિતરણ કરવામાં આવ્યું છે, તો બીજી તરફ યુવા મતદારો માટે ૧ લાખ રૂપિયાના રોકડ ઈનામો સાથેની ક્રિકેટ લીગનું આયોજન કરી ઉમેદવારો ચૂંટણીમાં પોતાની નાણાકીય ક્ષમતાનો પરચો બતાવી રહ્યા છે.

પૂણે મહાનગરપાલિકાની ૧૫ જાન્યુઆરીએ યોજાનારી આગામી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ થયો છે, જેમાં ખાસ કરીને પવાર પરિવારના બંને જૂથો વચ્ચે બેઠકોની વહેંચણી મુદ્દે ગજગ્રાહ જોવા મળી રહ્યો છે. ગત વર્ષે રાજકીય માર્ગો અલગ કર્યા બાદ હવે શરદ પવાર અને અજિત પવારના જૂથો વચ્ચે સમજૂતી માટે બેઠકોનો દોર શરૂ થયો છે, જેમાં સૂત્રોના જણાવ્યા અનુસાર શરદ પવાર જૂથ ૪૦થી ૪૫ બેઠકો પર દાવો કરી રહ્યું છે, જ્યારે અજિત પવાર ૩૦થી વધુ બેઠકો આપવા તૈયાર નથી. ગત રાત્રે બંને પક્ષના વરિષ્ઠ નેતાઓ વચ્ચે પ્રથમ રાઉન્ડની મંત્રણા પૂર્ણ થઈ છે, પરંતુ આ બેઠકોના જટિલ ગણિત અંગેનો અંતિમ નિર્ણય




હવે સુપ્રિયા સુલે સાથેની નિર્ણાયક ચર્ચા બાદ જ લેવામાં આવે તેવી શક્યતા છે. મહારાષ્ટ્રના રાજકીય ફલક પર એક મોટો ઉલટફેર જોવા મળ્યો છે, જ્યાં ૨૦ વર્ષના લાંબા ગાળા બાદ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે વચ્ચેના મનભેદનો અંત આવ્યો છે. શિવસેના(UBT) અને MNS વચ્ચે રચાયેલા આ નવા સમીકરણોએ વિપક્ષી ગઠબંધન મહા વિકાસ અઘાડી(MVA) માટે કપરા ચઢાણ ઊભા કર્યા છે. આ નવી ભાગીદારીથી નારાજ થયેલા કોંગ્રેસ અને શરદ પવાર જૂથે રણનીતિક પગલું ભરીને માત્ર આ આગામી ચૂંટણી પૂરતો જ સ્ફ્છથી છેડો ફાડવાનો નિર્ણય લીધો છે.

# રાતોરાત મતદારો ક્યાં ગાયબ થયા?' સાંસદ મુકેશ દલાલનો કમિશ્નર-કલેક્ટરને પત્ર

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬**

સુરત,

સુરત સહિત સમગ્ર દેશમાં હાલ મતદાર યાદી શુદ્ધિકરણ એટલે કે SIRની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ



દરમિયાન સુરતના સાંસદ મુકેશ દલાલે મ્યુનિસિપલ કમિશ્નરઅને જિલ્લા કલેક્ટરને એક સ્ફોટક પત્ર લખતાં રાજકીય ગરમાવો આવી ગયો છે. સાંસદે પત્રમાં આશંકા વ્યક્ત કરી છે કે તપાસ દરમિયાન અનેક મતદારો રાતોરાત ગાયબ થઈ ગયા છે, જે શહેરની સુરક્ષા માટે જોખમરૂપ હોઈ શકે છે.

સાંસદ મુકેશ દલાલે પત્રમાં જણાવ્યું છે કે, હાલમાં BLO-1 અને BLO-2 દ્વારા ઘરે-ઘરે જઈને મતદાર યાદીના શુદ્ધિકરણની કામગીરી કરવામાં આવી રહી છે. આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ એવા લોકોના નામ યાદીમાંથી દૂર કરવાનો છે જેઓ ભારતના નાગરિક નથી અને ગેરકાયદેસર રીતે મતદાર તરીકે નોંધાયેલા છે.

પત્રમાં સોશિયલ મીડિયા અને મીડિયા અહેવાલોનો હવાલો આપીને ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. સાંસદે લખ્યું છે કે જ્યારે BLO ની ટીમ સુરતના કેટલાક 'કુખ્યાત' ગણાતા વિસ્તારોમાં નોંધણી માટે ગઈ, ત્યારે મોટી સંખ્યામાં લોકો ઘરોને તાળા મારીને ગાયબ થઈ ગયા હતા. જો આ મતદારો સાચા અને કાયદેસરના નાગરિક હોય, તો તપાસના ડરથી ભાગવાની જરૂર કેમ પડી? રાતોરાત આટલી મોટી સંખ્યામાં લોકો ક્યાં અદશ્ય થઈ ગયા? શું તેઓ હવામાં ઓગળી ગયા?

મુકેશ દલાલે પત્રમાં ભારપૂર્વક જણાવ્યું છે કે, આ રીતે લોકોનું ગાયબ થવું એ સુરત શહેરની શાંતિ, સલામતી અને અસ્મિતા માટે જોખમકારક છે. તેઓએ વહીવટી તંત્ર પાસે માંગ કરી છે કે આ ગાયબ થયેલા લોકોને શોધી કાઢવા માટે તમામ શક્તિ લગાડવી જોઈએ.

આ લોકો કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં સંકળાયેલા છે કે કેમ તેની ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ અને તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ.

SIR ની કામગીરીમાં નામ કમી થવાને લીધે પહેલાથી જ હોબાળો મચેલો હતો, ત્યારે હવે સાંસદના આ પત્રએ તેને નવો વળાંક આપ્યો છે. હાલમાં આ પત્ર સુરતની જનતા અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

# આર્મીના જવાનો ઈન્સ્ટાગ્રામમાં ફક્ત સર્ફિંગ કરી શકશે, પોસ્ટ નહીં



**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬**

નવી દિલ્હી,

ભારતીય સેનાએ બદલાતા સમય અને ટૅક્નોલૉજીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેની સોશિયલ મીડિયા પોલિસીમાં મોટો ફેરફાર કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે સૈનિકો અને અધિકારીઓને ઈન્સ્ટાગ્રામ પર સર્ફિંગ કરવાની કે મોનિટર કરવાની છૂટ અપાઈ છે. જો કે, તેઓ કોઈ પોસ્ટ નહીં કરી શકે અને કોઈ પોસ્ટ પર લાઈક, શેર અને કોમેન્ટ પણ નહીં કરી શકે.

ભારતીય સેનાના તમામ યુનિટો અને વિભાગો માટે જાહેર કરાયેલી નવી માર્ગદર્શિકા મુજબ, સોશિયલ મીડિયાના ઉપયોગ અંગેના નિયમોમાં મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. હવે સૈનિકોને જાગૃતિ અને માહિતી મેળવવાના હેતુથી સોશિયલ મીડિયા કન્ટેન્ટ માત્ર જોવાની મંજૂરી આપવામાં આવી છે, પરંતુ સુરક્ષાના કારણોસર કોઈપણ પ્રકારની પ્રતિક્રિયા આપવા પર પ્રતિબંધ યથાવત્ રાખવામાં આવ્યો છે એટલે કે સૈનિકો કોઈપણ પોસ્ટ કે તેના પર લાઈક, શેર કે કોમેન્ટ કરી શકશે નહીં.

આ ઉપરાંત, સેનાએ ફેક ન્યૂઝ સામે લાલ આંખ કરી છે, જો કોઈ સૈનિકને સોશિયલ મીડિયા પર ગેરમાર્ગે દોરતી કે ખોટી માહિતી જણાય, તો તેણે તાત્કાલિક વરિષ્ઠ અધિકારીઓને જાણ કરવાની રહેશે જેથી રાષ્ટ્રીય સુરક્ષા અને માહિતીની ચોકસાઈ જળવાઈ રહે.જોકે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે આજના યુગમાં સ્માર્ટફોન એક અનિવાર્ય જરૂરિયાત બની ગયો છે. તેમણે આગળ કહ્યું કે, હું સૈનિકોને સ્માર્ટફોન વાપરવાની ક્યારેય ના નથી પાડતો. આપણે મોટાભાગે ફિલ્ડમાં હોઈએ છીએ. બાળકની સ્કૂલ ફી ભરવાની હોય, માતા-પિતાની તબિયત જાણવાની હોય કે પત્ની સાથે વાત કરવાની હોય, આ બધું ફોન દ્વારા જ શક્ય બને છે.

તાજેતરમાં ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ચાણક્ય ડિફેન્સ ડાયલોગ દરમિયાન સૈનિકો દ્વારા સોશિયલ મીડિયાના ઉપયોગ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન તેમને પૂછવામાં આવ્યું હતું કે, આજની જેન ઝી સેનામાં જોડાવા માંગે છે, પરંતુ સેનાના શિસ્ત અને સોશિયલ મીડિયા વચ્ચે એક વિરોધાભાસ દેખાય છે. આના જવાબમાં જનરલ દ્વિવેદીએ કહ્યું કે, આ ખરેખર એક મોટો પડકાર છે. જ્યારે યુવાન કેડેટ્સ NDAમાં આવે છે, ત્યારે તેઓ સૌથી પહેલા પોતાના રૂમમાં છુપાવેલા ફોન શોધે છે. તેમને એ સમજાવતા ત્રણથી છ મહિના લાગી જાય છે કે ફોન વગર પણ જિંદગી છે.

જોકે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે આજના યુગમાં સ્માર્ટફોન એક અનિવાર્ય જરૂરિયાત બની ગયો છે. તેમણે આગળ કહ્યું કે, હું સૈનિકોને સ્માર્ટફોન વાપરવાની ક્યારેય ના નથી પાડતો. આપણે મોટાભાગે ફિલ્ડમાં હોઈએ છીએ. બાળકની સ્કૂલ ફી ભરવાની હોય, માતા-પિતાની તબિયત જાણવાની હોય કે પત્ની સાથે વાત કરવાની હોય, આ બધું ફોન દ્વારા જ શક્ય બને છે.

સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપવા બાબતે આર્મી ચીફે જણાવ્યું કે, રિએક્ટ કરવું(તરત જવાબ આપવો) અને રિસ્પોન્ડ કરવું (વિચારીને જવાબ આપવો) એ બંને અલગ વાતો છે. તેમણે સમજાવ્યું કે, રિએક્ટ કરવું એટલે વગર વિચારે તરત જવાબ આપી દેવો, જ્યારે રિસ્પોન્ડ કરવું એટલે ગંભીરતાથી વિચારીને જવાબ આપવો. અમે નથી ઈચ્છતા કે અમારા સૈનિકો ઉતાવળમાં કોઈ પણ વિવાદ કે ચર્ચામાં ફસાય. તેથી જ તેમને ઠ જેવા પ્લેટફોર્મ પર માત્ર કોન્ટેન્ટ જોવાની મંજૂરી આપવામાં આવી છે, જવાબ આપવાની નહીં.× ભૂતકાળમાં હની ટ્રેપ (વિદેશી એજન્સીઓ દ્વારા સૈનિકોને ફસાવવા) અને સંવેદનશીલ માહિતી લીક થવાના કિસ્સાઓને કારણે ૨૦૨૦માં ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ સહિત ૮૯ એપ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જોકે, હવે સેના સત્તાવાર રીતે ફેસબુક, યુટ્યુબ, ઠ, લિંકડઈન અને વોટ્સએપ જેવી એપ્સનો મર્યાદિત અને સુરક્ષિત ઉપયોગ કરવાની મંજૂરી આપી રહી છે.

વર્ષ ૨૦૧૭માં તત્કાલીન સંરક્ષણ રાજ્ય મંત્રી સુભાષ ભામરેએ સંસદમાં જણાવ્યું હતું કે, માહિતીની સુરક્ષા જાળવવા અને તેનો દુરુપયોગ રોકવા માટે આ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૯ સુધી સેનાના જવાનો કોઈ પણ સોશિયલ મીડિયા ગ્રૂપનો હિસ્સો બની શકતા નહોતા. ત્યારબાદ ૨૦૨૦માં નિયમો વધુ કડક બનાવવામાં આવ્યા અને સૈનિકોને ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ સહિત ૮૯ મોબાઈલ એપ્સ ડિલીટ કરી નાખવા આદેશ આપવામાં આવ્યો હતો. જોકે, આટલા કડક નિયમો હોવા છતાં, સેનાએ ફેસબુક, યુટ્યુબ, ઠ (ટ્વિટર), લિંકડઈન, ક્વોરા, ટેલિગ્રામ અને વોટ્સએપ જેવા પ્લેટફોર્મ્સના મર્યાદિત ઉપયોગની છૂટ આપી હતી, પણ તે માટે કડક મોનિટરિંગ સિસ્ટમ રાખવામાં આવી છે.

# ભારત ઈચ્છે તો હથિયાર ઉપાડ્યા વગર જ બાંગ્લાદેશનો ખેલ ખતમ કરી શકે

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬**
નવી દિલ્હી,


૧૦૪.૪૮ અબજ ડોલર એટલે કે લગભગ ૮.૭ લાખ કરોડ રૂપિયાના કરજમાં ડૂબેલું બાંગ્લાદેશ આર્થિક રીતે પાયમાલ થઈ રહ્યું છે. રાજકીય અસ્થિરતા અને હિંસાએ દેશને ડામાડોળ કરી નાખ્યો છે. કંપનીઓ બાંગ્લાદેશ છોડી રહી છે. દેશ ૧૪ ટકાની ઝડપે વધી રહેલા દેવાના દળદળમાં ફસાઈ રહ્યો છે. જે બાંગ્લાદેશમાં લોકોને ખાવાના સાંસાં પડી રહ્યા છે તે આજે ભારતને ધમકાવી રહ્યું છે. ભારતને પોકળ ધમકીઓ આપતા બાંગ્લાદેશમાં હિન્દુઓ પર મોટાપાયે અત્યાચાર થઈ રહ્યા છે. તેણે ભારતમાં પોતાની વિઝા સેવા પણ બંધ કરી.

બાંગ્લાદેશે પોતાની બરબાદીની કહાની પોતે જ લખી છે. શેખ હસીનાએ દેશ છોડ્યા બાદ ત્યાં સ્થિતિ બગડી. વિદ્રોહ ચરમ સીમાએ છે, રસ્તાઓ લોહીથી લાલ છે, લોકોને જીવતા બાળી મૂકવામાં આવે છે, જે દેશની અર્થવ્યવસ્થા ખાડે ગઈ હોય ત્યાં હિંસા વકરી રહી છે. જેને ભારતે આઝાદી અપાવી, જે એક સમયે ભારતને ઈકોનોમીમાં ટક્કર આપી રહ્યું હતું હવે તે બદતર સ્થિતિમાં પહોંચી ગયું છે. હવે સવાલ એ છે કે શું બાંગ્લાદેશ ભારત સામે ઊભા રહેવાની સ્થિતિમાં છે ખરું?

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મોટા પાયે વેપાર થાય છે. પરંતુ હાલ બાંગ્લાદેશ જે કરી રહ્યું છે તેના પ્રતાપે જલદી આ દેશ ભૂખથી તડપશે. ભારતના ઘઉ, ચોખા, ખાંડ, ડુંગળી, બટાકા, લસણ, મસાલા, ફળ, શાકભાજી, કપાસ, રિફાઈન પેટ્રોલ, ડીઝલ, પ્લાસ્ટિક, સ્ટીલ, દવાઓ એટલે સુધી કે વીજળી સપ્લાય પણ ભારતથી થાય છે. ભારત વગર તેનું કામ ચાલતું નથી. ૨૦૨૨-૨૩માં બંને દેશો વચ્ચે કુલ ૧૬ અબજ ડોલરનો વેપાર હતો. ભારત બાંગ્લાદેશ પાસેથી ૨ અબજ ડોલરનો સામાન ખરીદે છે જ્યારે ૧૪ અબજ ડોલરથી વધુ વેચાણ કરે છે. ફક્ત લેવડદેવડ નહીં પરંતુ ભારતે બાંગ્લાદેશને મદદ માટે ૮ અબજ ડોલર આપ્યા છે. જેની મદદથી ત્યાં રસ્તા, રેલ, પોર્ટ્સ તૈયાર કરાયા છે.

બાંગ્લાદેશમાં વીજળીના કુલ સપ્લાયમાં ભારતની ભાગીદારી ૧૭ ટકા છે. એટલે કે જો ભારત એક સ્વિચ બંધ કરે તો બાંગ્લાદેશ અંધારામાં ડૂબશે. ફેક્ટરીઓ બંધ થશે. તેની લાઈફલાઈન ઠપ્પ થશે. ભારતની એક ખાનગી કંપની જ ત્યાં એકલા હાથે દરરોજ લગભગ ૧૫૦૦ મેગાવોટનો પૂરવઠો પૂરો પાડે છે.

ચીન અને પાકિસ્તાનના દમ પર કૂદાકૂદ કરતું બાંગ્લાદેશ એ ભૂલી ગયું છે કે ભારત વગર તેનું કામ ચાલી શકે તેમ નથી. જેની ૯૪ ટકા સરહદ ભારત સાથે જોડાયેલી હોય, જેની થાળીમાં ભારતીય સામાન હોય, જેના ઘરની વીજળી પણ ભારતથી



ચાલતી હોય તે ભારત સાથે પંગો લઈને કેટલું ટકી શકે. કિંગ્સ કોલેજ લંડનના પ્રોફેસર હર્ષ પંતનું માનીએ તો ભારત પાસેથી જેટલો સસ્તો સામાન બાંગ્લાદેશને મળે છે તે ચીન કે અમેરિકા પાસેથી ન મળી શકે.

સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો બાંગ્લાદેશની અર્થવ્યવસ્થાનું ઈંધણ ભારતથી આવે છે. જો ભારત હાથ ઊંચા કરે તો બાંગ્લાદેશ બરબાદ થઈ જશે.

મોંઘવારી ચરમસીમાએ પહોંચશે. બેરોજગારી અને જીડીપી પર સીધી અસર પડશે. જે કિંમતે ભારત બાંગ્લાદેશને સામાન વેચે છે તેના ભાવ પર દુનિયાનો કોઈ દેશ તેને તે આપી શકે નહીં. ભારત વગર તેનો વેપાર શક્ય નથી. જો બંગાળની ખાડીથી તે સામાન મંગાવે તો તેના દેવામાં ઘણો વધારો થઈ શકે. બાંગ્લાદેશ પોતાના સૌથી મોટા ઉદ્યોગ ટેક્સટાઈલના કારણે જીવતું છે. ભારત પાસેથી કપાસ ખરીદીને તે સસ્તા લેબરના કારણે કપડાં બનાવીને દુનિયાને વેચે છે. ભારત જો કુલ કપાસ અને જ્યૂટના ૩૫ ટકા જેટલું બાંગ્લાદેશને વેચે છે તે બંધ કરે તો બાંગ્લાદેશની ઈકોનોમી ક્રેશ થઈ શકે. કારણ કે બાંગ્લાદેશની ઈકોનોમીમાં કપડાં ઉદ્યોગની ભાગીદારી ૧૧ ટકા છે. ઓગસ્ટથી અત્યાર સુધીમાં બાંગ્લાદેશની અર્થવ્યવસ્થાને લગભગ ૨ કરોડ રૂપિયાનો ફટકો પડી ચૂક્યો છે. આવામાં ભારત સામે બાંગ્લાદેશ ક્યાંય ટકી શકે તેમ નથી.

## તંત્રી સ્થાનેથી..

# ચાંદી વિશ્વની ત્રીજી સૌથી મૂલ્યવાન એસેટ

ચાંદીની ચળકાટે અનેકોની આંખો અંજાઈ દીધી છે. ચાંદીના ભાવમાં છેલ્લા એક જ વર્ષમાં ૧૫૦ ટકાથી વધુનો બમ્પર વધારો જોવા મળ્યો છે. ચાંદી દિવસે ને દિવસે નવા રેકોર્ડ બનાવી રહી છે. રોજબરોજ ભાવ નવા ઓલટાઈમ હાઈ સર કરી રહ્યાં છે. આ સાથે ચાંદીએ ક્રિસમસ ઈવનિંગે એક નવો માઈલસ્ટોન હાંસલ કર્યો છે. ચાંદીએ વિશ્વની ત્રીજી સૌથી મૂલ્યવાન એસેટ ક્લાસનું બિરૃદ હાંસલ કર્યું છે.

૨૦૨૫ના અંતિમ તબક્કામાં સોના-ચાંદી-પ્લેટિનમના ભાવ નવા રેકોર્ડ બનાવી રહ્યા છે અને રોકાણકારોને જબરદસ્ત વળતર આપી રહ્યા છે. કુલ વાર્ષિક વળતરની દ્રષ્ટિએ ચાંદીએ સોનાને પછાડયું છે, પરંતુ સોનું હજુ પણ મૂલ્યમાં ચાંદીથી આગળ છે. ચાંદીએ આ સપ્તાહની જ ૫ ટકાથી વધુની તેજી સાથે વેલ્યુએશનની દ્રષ્ટિએ આઈફોન નિર્માતા એપલ અને સર્ચ ગૂગલને પાછળ છોડી દીધા છે.

વૈશ્વિક વાયદા બજારમાં ચાંદીના ભાવ ૭૧ ડોલર પ્રતિ ઔંસને વટાવી ગયા છે. ચાંદી હવે વિશ્વની ત્રીજી સૌથી મૂલ્યવાન સંપત્તિ બની ગઈ છે. અગાઉ, એપલ ત્રીજા સ્થાને હતું. જોકે ચાંદીના ભાવમાં રેકોર્ડ ઉછાળાએ એપલને પાછળ છોડી દીધું છે. ચાંદીનું કુલ માર્કેટ કેપ ૪.૦૪ ટ્રિલિયન ડોલરને પાર પહોંચી ગયું છે અને એપલનું માર્કેટ કેપ ૪.૦૨ ટ્રિલિયન ડોલર છે.

વિશ્વની સૌથી મૂલ્યવાન સંપત્તિઓમાં એક તો સોનું હાલમાં ચાંદીથી આગળ એટલેકે નંબર-૧ પર છે. સોનાની માર્કેટ કેપિટલ ૪૫૦૫ ડોલર પ્રતિ ઔંસના ભાવે ૧૫ ટ્રિલિયન ડોલર સાથે શિખરે છે જ્યારે બીજા ક્રમે ચિપ જાયન્ટ કંપની એનવીડિયા ૪.૫૭ ટ્રિલિયન ડોલર સાથે બીજા સ્થાને છે.

# રામ મંદિરના 'અંગદ ટીલા' ઉપર સ્થપાશે રામલલાની સુવર્ણ પ્રતિમા





**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬**
અયોધ્યા,

અયોધ્યામાં રામલલા મંદિર પરિસરમાં ટૂંક સમયમાં એક ભવ્ય અને કિંમતી સુવર્ણ પ્રતિમા બિરાજમાન કરાશે. કર્ણાટકના બેંગલુરુના રહેવાસી જયશ્રીફનીશ દ્વારા અર્પણ કરાયેલી આ પ્રતિમા મંગળવારે સાંજે અયોધ્યા પહોંચી ગઈ હતી. આ સુવર્ણ પ્રતિમા પર હીરા, માણેક અને પન્ના જેવા કિંમતી રત્નો જડવામાં આવ્યા છે. આ મૂર્તિનું મૂલ્ય જાહેર કરાયું નથી, પરંતુ એવું કહેવાય છે કે તેની કિંમત રૂ. ૩૦ કરોડ જેટલી હોઈ શકે છે.

આ દક્ષિણ ભારતની પરંપરાગત તાંજાવુર શૈલીમાં તૈયાર કરાયેલી માત્ર એક કલાકૃતિ નથી, પરંતુ આપણો અમૂલ્ય સાંસ્કૃતિક વારસો છે. સોનાના વરખ અને કિંમતી રત્નોના જડતર સાથેની આ કલાકૃતિ જયશ્રી ફનીશે જ તૈયાર કરી છે, જે તેમણે 'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર' ટ્રસ્ટને દાનમાં આપી દીધી છે. આ કલાકૃતિ બેંગલુરુથી ૧,૯૦૦ કિલોમીટર દૂર અયોધ્યા સુધી પહોંચાડવા જયશ્રી ફનીશે ભારતીય ટપાલ વિભાગની મદદ લીધી હતી.

દક્ષિણ ભારતીય શૈલીમાં તૈયાર કરાયેલી આ મૂર્તિ આશરે ૧૨ ફૂટ ઊંચી અને ૮ ફૂટ પહોળી છે, જ્યારે તેનું વજન ૬૦૦ કિલો જેટલું છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય ડૉ. અનિલ મિશ્રાએ જણાવ્યું હતું કે, 'આ દાતાએ તેમની ઓળખ ગુપ્ત રાખી છે. હાલ મૂર્તિની વિવિધ સ્તરે ચોકસાઈ કરાઈ રહી છે.' આ ઉપરાંત હીરા, નીલમ અને સોનાથી મઢેલી આ મૂર્તિમાં કઈ ધાતુ-રત્નોનો કેટલો ઉપયોગ થયો છે, તેની પણ નિષ્ણાતો દ્વારા તપાસ કરાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ ભવ્ય પ્રતિમાને રામ મંદિરના સંત તુલસીદાસ મંદિર પાસે આવેલા 'અંગદ ટીલા' પર સ્થાપિત કરાશે. પ્રતિમાના અનાવરણ બાદ એક ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પણ યોજાશે, જેમાં દેશભરના સાધુ-સંતો અને મહંતો ઉપસ્થિત રહેશે.

રામલલાની આ મૂર્તિ તૈયાર કર્યા પછી સૌથી મોટો પડકાર બેંગલુરુથી અયોધ્યા સુધી તેને પહોંચાડવાનો હતો. આ માટે ભારતીય ટપાલ વિભાગે બીડું ઝડપી લીધું હતું. ૧૨ ફૂટ ઊંચાઈ અને ૮ ફૂટ પહોળાઈ ધરાવતી આ કલાકૃતિનું વજન આશરે ૬૦૦ કિલોગ્રામ હતું, પરંતુ પેકિંગ કરતા જ તેનું વજન ૮૦૦ કિલોએ પહોંચ્યું હતું.

આટલા લાંબા પ્રવાસમાં મૂર્તિને કોઈ પણ પ્રકારના સંભવિત નુકસાનથી બચાવવા તેના પર મલ્ટિ-લેયર બબલ રેપિંગ કરાયું હતું. એટલું જ નહીં, તેને ખાસ ડિઝાઈન કરેલા લાકડાના બોક્સમાં પેક કરાઈ હતી.

૧૭ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ બેંગલુરુથી આ મૂર્તિ લઈને રવાના થયેલું વાહન હૈદરાબાદ, નાગપુર, જબલપુર, રીવા અને પ્રયાગરાજ થઈને આશરે ૧,૯૦૦ કિલોમીટરનું અંતર કાપી ૨૨ ડિસેમ્બરે અયોધ્યા પહોંચ્યું હતું. આ સમગ્ર મુસાફરીમાં ટપાલ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સતત વાહનની સાથે રહ્યા હતા. અયોધ્યા પહોંચીને પણ મૂર્તિનું પેકેટ ક્રેન અને આધુનિક ઉપકરણો દ્વારા અનલોડ કરાયું હતું. આમ, અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના મહા સચિવ ચંપત રાયની હાજરીમાં આ કલાકૃતિ વિધિવત રીતે ટ્રસ્ટને સોંપાઈ હતી.

આ મિશન ભારતીય ટપાલ વિભાગ માટે એક સિદ્ધિ સમાન છે. કર્ણાટક, તેલંગાણા, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશ એમ પાંચ રાજ્યોના પોસ્ટલ સર્કલ વચ્ચેના શ્રેષ્ઠ સંકલનને કારણે જ ખૂબ સરળતાથી આ મૂર્તિ અયોધ્યા પહોંચી શકી હતી. અંતિમ તબક્કામાં તો રસ્તામાં ગાઢ ધુમ્મસનો સામનો કરીને મૂર્તિને સુરક્ષિત રીતે અયોધ્યા પહોંચાડાઈ હતી.

રામલલાના પ્રાણ પ્રતિષ્ઠાના બે વર્ષ પૂર્ણ થવાના અવસરે ૨૯ ડિસેમ્બર ૨૦૨૫થી ૨ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન 'પ્રતિષ્ઠા દ્વાદશી'ની ભવ્ય ઉજવણી કરાશે. આ પાંચ દિવસીય મહોત્સવમાં રામ મંદિરના ગર્ભગૃહમાં અભિષેક, શૃંગાર, ભોગ અને પ્રાગટ્ય આરતી જેવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાશે.

# ભાવનગરના વલ્લભીપુર-ચમારડી રોડ પર ભયાનક અકસ્માત સર્જાયો

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬**
ભાવનગર,

ભાવનગર જિલ્લાના વલ્લભીપુર-ચમારડી માર્ગ પર આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પુરપાટ ઝડપે આવી રહેલી એક કારે સ્કૂટર સવાર બે વૃદ્ધોને જોરદાર ટક્કર મારતા બંનેના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા છે. આ બનાવને પગલે સ્થાનિક પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મળતી માહિતી મુજબ, વલ્લભીપુર અને ચમારડી ગામ પાસે પસાર થઈ રહેલા સ્કૂટરને એક કાર ચાલકે અડફેટે લીધું હતું. ટક્કર એટલી ભયાનક હતી કે સ્કૂટર પર સવાર બંને વૃદ્ધો ફંગોળાયા હતા અને ગંભીર ઈજાઓ થવાને કારણે તેઓએ સ્થળ પર જ દમ તોડ્યો હતો. પોલીસ તપાસમાં અકસ્માતનો ભોગ બનનાર બંને મૃતકોની ઓળખ પ્રેમજીભાઈ જેરામભાઈ મુંજાણી (રહે. ચમારડી ગામ) અને કાંતિભાઈ કુંવરજીભાઈ જસાણી (રહે. ચમારડી ગામ) તરીકે થઈ છે.

ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે બંને મૃતદેહોને કબજે કરી પીએમ અર્થે વલ્લભીપુર સરકારી હોસ્પિટલ ખસેડ્યા છે. પીએમની વિધિ પૂર્ણ થયા બાદ મૃતદેહોને તેમના પરિજનોને સોંપવામાં આવશે.

# એક શીટ મળી ને સુરેન્દ્રનગરનું ૧૫૦૦ કરોડનું કૌભાંડ ખૂલ્યું

**ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬**
જૂનાગઢ

૧૫૦૦ કરોડના જમીન (બિનખેતી)કરાવવાના કૌભાંડ મામલે EDyu ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સુરેન્દ્રનગર કલેક્ટર અને અન્ય ઉચ્ચ અધિકારીઓનાં નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. ત્યાર બાદ બપોરે આ કેસમાં એસીબી સુરેન્દ્રનગરમાં ઈડીના અધિકારીએ સુરેન્દ્રનગર કલેક્ટર રાજેન્દ્ર મહેન્દ્ર પટેલ, નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી, કલેક્ટર ઓફિસના ક્લાર્ક મયૂર ગોહિલ અને કલેક્ટરના અંગત મદદનીશ જયરાજસિંહ ઝાલા સામે લાંચ-રુશ્વત વિરોધી ધારા હેઠળ ગુનો નોંધાવ્યો હતો. છઝમ્માં નોંધાયેલી ફરિયાદમાં ઘટસ્ફોટ થયો છે કે નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીએ ૧ કરોડની લાંચ લીધી છે અને તેમાં કલેક્ટર રાજેન્દ્ર પટેલ, ક્લાર્ક મયૂર ગોહિલ અને પીએ જયરાજસિંહ ઝાલા સામેલ છે. માત્ર એટલું જ નહીં, એક શીટમાં દલાલોનાં નામ અને તેમને આપવાની રકમ પણ લખેલી હોવાનું સામે આવ્યું છે. ૨૩ ડિસેમ્બરે દિલ્હી ખાતે આવેલી EDની સ્પેશિયલ ટીમે સુરેન્દ્રનગર જિલ્લાના નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીને ત્યાં રેડ કરી હતી. આ રેડ દરમિયાન ચંદ્રસિંહ ભૂપતસિંહ મોરીના રહેણાક પરિસરમાં PMLAની કલમ ૧૭ હેઠળ હાથ ધરવામાં આવેલી સર્ચ કાર્યવાહી દરમિયાન ૬૭.૫૦ લાખની રોકડ રકમ રિકવર કરી જપ્ત કરવામાં આવી હતી. આ રોકડ રકમ તેમના બેડરૂમમાં છુપાવેલી મળી આવી હતી. આરોપી ચંદ્રસિંહ મોરીએ ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ PMLAની કલમ ૧૭ હેઠળ નોંધાયેલા તેમના નિવેદનમાં સ્વીકાર્યું છે કે જપ્ત કરાયેલી રોકડ રકમ જમીનના હેતુફેરની અરજીઓના ઝડપી અથવા સાનુકૂળ નિકાલ માટે સીધી રીતે અથવા વચેટિયાઓ દ્વારા અરજદારો પાસેથી માગેલી અને એકઠી કરેલી લાંચની રકમ છે.

ઈડીના ડાયરેક્ટર સિદ્ધાર્થ જૈને છઝમ્માં કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે વિશ્વસીનય સૂત્રો પાસેથી માહિતી મળી હતી કે સુરેન્દ્રનગરમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોટે પાયે જમીનકૌભાંડ આચરવામાં આવી રહ્યું છે, જેમાં નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી સહિતના લોકો સામેલ છે. ચંદ્રસિંહ મોરીએ ઈડી સમક્ષ સ્વીકાર્યું કે જમીનની ફાઈલ ક્લિયર કરવા માટે સ્કવેરમીટરદીઠ ૧૦ રૂપિયાના ભાવથી લાંચ લેવામાં આવતી હતી. ચંદ્રસિંહ મોરીના પ્રિમાસિસમાંથી મળેલા દસ્તાવેજોમાં ૧ કરોડની લાંચ લીધી હોવાના દસ્તાવેજી પુરાવા મળ્યા છે. જ્યારે સૌથી આંચકાજનક વાત તો એ છે કે ચંદ્રસિંહ મોરીએ સ્વીકાર્યું છે કે જિલ્લા કલેક્ટર રાજેન્દ્ર મહેન્દ્રભાઈ પટેલ, કલેક્ટરના ક્લાર્ક મયૂર ગોહિલ, કલેક્ટરના પીએ જયરાજસિંહ ઝાલા આ કૌભાંડમાં સામેલ છે અને લાંચના પણ ભાગીદાર છે.

સર્ચ દરમિયાન એક પ્રિન્ટેડ શીટ મળી આવી છે, જેમાં ઓનલાઈન અરજીનો નંબર, જમીનની વિગત, સર્વે નંબર, કયા પ્રકારની અરજી છે એ સહિતની વિગતો હતી. આ ઉપરાંત કયા અરજદાર પાસે કેટલી લાંચ લેવામાં આવી એની પણ વિગતો હતી. આ શીટમાં વચેટિયાઓ, કમિશન એજન્ટનાં પણ નામ હતાં. માત્ર એટલું જ નહીં, શીટના ડેટા મુજબ ૨ લાખ ૬૧ હજાર ૩૩૨ સ્કવેરમીટર જમીનની ફાઈલ ક્લિયર કરવા માટે ૨૬ લાખ ૧૭ હજાર ૩૨૦ની લાંચ લેવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ શીટના નીચેના ભાગ પર પેનથી કોના કેટલા રૂપિયા કાઢવાના છે એની પણ નોંધ કરવામાં આવી છે, જેમાં એમડીના ૬૪ લાખ, સીબીના ૬૦ હજાર, અશોકના ૨ લાખ ૮૩ હજાર, એચપીના ૬ લાખ, રાકેશભાઈ ૫૦૦૦, આશિષભાઈના ૭૦ હજાર એવી નોંધ કરવામાં આવેલી છે. સુરેન્દ્રનગર કલેક્ટર ઓફિસમાં ચાલતા આ સિસ્ટેમેટિક દ્ગછ કૌભાંડની મોડસઓપરેન્ડી પણ ભલભલાને ચોંકાવી દે એવી છે. જમીન દ્ગછ કરાવવા મામલે ઈડ્ઢની તપાસમાં ઘટસ્ફોટ થયો છે કે વચેટિયાઓ અને એજન્ટો મારફત જમીન દ્ગછ કરાવવામાં આવતી હતી. આયોજનબદ્ધ રીતે ખંડણી અને ગેરકાયદે રીતે લાભ કરાવીને દ્ગછ કૌભાંડ ચલાવવામાં આવ્યું હતું. આ કૌભાંડ એટલે કે હેતુફેર અંતર્ગત થયેલી અરજીઓને લઈ આચરવામાં આવતું હતું. નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી પાસે જમીન દ્ગછ બાબતે પાવર હતા અને એનો દુરુપયોગ કરવામાં આવ્યો છે. આયોજનબદ્ધ રીતે જમીન દ્ગછ કરી આપવા બાબતમાં રૂપિયા લેવામાં આવતા હતા. આ રૂપિયા સ્પીડ મનીના માધ્યમથી અરજી વિલંબિત રાખ્યા સિવાય કામ કરી આપવામાં આવતું હતું. અરજીના આધારે પર ચોરસમીટર મુજબ રકમ નક્કી કરવામાં આવતી હતી. વચેટિયાઓના માધ્યમથી આ



રકમ અધિકારીઓ સુધી પહોંચાડવામાં આવતી હતી.

સુરેન્દ્રનગરમાં મંગળવારે (૨૪ ડિસેમ્બર, ૨૦૨૫)ને સવારે પરોઢિયે ૫ વાગ્યે? ઈડ્ઢએ રૂ.૧૫૦૦ કરોડના જમીન સંપાદન કેસ મામલે ??કલેક્ટર, નાયબ મામલતદાર,? ?કલેક્ટરના પીએ, વકીલ અને? ?ક્લાર્કની પૂછપરછ હાથ ધરી હતી. રાત્રે ૧૦ વાગ્યા સુધી તપાસ ચાલી ??હતી. ત્યાં સુધી કોઈ સત્તાવાર વિગતો? ?સામે આવી નહોતી, પરંતુ કલેક્ટરે સત્તા ??સંભાળ્યા બાદ નળસરોવર, ??ધ્રાંગધ્રાના માલવાણ, લખતરના ??તલસાણા અને પાટડીમાં સોલર? પ્લાન્ટમાં મોટેપાયે થયેલા જમીન સંપાદનનો મુદ્દો ?ચર્ચામાં આવ્યો હતો. કલેક્ટર જે ફાઈલનો વહીવટ? કરવાનો હોય એ ઘરે લઈ જતા હતા. સમગ્ર તપાસનું ?એપી સેન્ટર આ ૫ જણાનું નિવાસસ્થાન હતું.? કલેક્ટરના બંગલામાંથી ૧૦૦ ફાઈલ જપ્ત કરાઈ છે.? એન્ફોર્સમેન્ટ ડિરોક્ટેરેટ ની ટીમે ૧૫૦૦? કરોડના જમીન સંપાદનમાં કટકી-બટકીના ?આરોપસર વર્તમાન કલેક્ટર રાજેન્દ્રકુમાર એમ.પટેલ,? નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી, કલેક્ટરના પીએ? રવિરાજસિંહ ઝાલા, કલાર્ક મયૂરસિંહ ગોહિલ અને ??હાઈકોર્ટના એક વકીલ સહિત પાંચ વ્યક્તિની પૂછપરછ હાથ કરી હતી.

# થરાદના મુખ્ય ચાર રસ્તા પર ગૌમાતા પ્રતિમા સ્થાપન પૂર્વે કળશ સ્થાપન કરવામાં આવ્યું



ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬

નવ રચિત વાવ–થરાદ જિલ્લામાં આવેલા થરાદ શહેરના મુખ્ય ચાર રસ્તા પર ગૌમાતા પ્રતિમા સ્થાપન પૂર્વે કળશ સ્થાપનની પવિત્ર વિધિ ખૂબ જ ભવ્ય અને ભાવભર્યા માહોલમાં સંપન્ન થઈ હતી. ધાર્મિક પરંપરા અનુસાર પૂજા-અર્ચના અને મંત્રોચ્ચાર સાથે કળશ સ્થાપિત કરવામાં આવ્યો હતો,જેને લઈને નગરમાં ઉત્સાહ અને શ્રદ્ધાનો માહોલ જોવા મળ્યો હતો.આ શુભ પ્રસંગે ના વાવ- થરાદના જિલ્લા કલેક્ટર, મહાન સંતો, ધર્મગુરુઓ, વિવિધ સમાજના આગેવાનો તેમજ રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત મોટી સંખ્યામાં નગરજનો અને ગૌ ભગતો શ્રદ્ધાળુઓએ હાજરી આપી આ ધાર્મિક કાર્યને સાક્ષી બન્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગૌમાતાની મહિમા અને ગૌસેવાના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.થરાદના મુખ્ય ચાર રસ્તા પર ગૌમાતા પ્રતિમાની સ્થાપના થવાથી શહેરને એક નવી અને આગવી ઓળખ મળશે તેમજ આ સ્થળ ધાર્મિક આસ્થા, સંસ્કૃતિ અને એકતાનું પ્રતીક બનશે તેવી લાગણી ઉપસ્થિત આગેવાનો દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. આવનાર સમયમાં આ સ્થળ થરાદ શહેરનું એક મહત્વપૂર્ણ ધાર્મિક અને સાંસ્કૃતિક કેન્દ્ર બની રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.વાવ-થરાદ જિલ્લાના મુખ્ય મથક થરાદના ચાર રસ્તા સર્કલ પર આજે ગૌ સર્કલ ખાતે કળશ સ્થાપન મુહૂર્ત ભક્તિભાવ સાથે યોજાયો..!!

આ ઐતિહાસિક પ્રસંગે વાવ-થરાદ જિલ્લા કલેક્ટર જે.એસ. પ્રજાપતિ સાહેબ, સંતો-મહંતો, શાસ્ત્રીજી બાલકૃષ્ણ દવે (જમડા), ભાજપ જિલ્લા મહામંત્રી કનુભાઈ વ્યાસજી, મહેશ કે દવે જસરા ગૌ-સાંસદ રામભાઈ પરમાર, હેમજીભાઈ પટેલ સાથે દરેક સમાજના આગેવાનો,વડીલો અને ગૌ ભક્તોના વરદ હસ્તે વિધિવત કળશ સ્થાપન કરવામાં આવ્યું..!!

# નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે બનાસકાંઠા જિલ્લામાં વિવિધ વિકાસ પ્રકલ્પોનું ખાતમુર્હુત અને લોકાર્પણ





ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે આજે બનાસકાંઠા જિલ્લાના વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું ખાતમુર્હુત તથા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના કાકર સ્થિત સમોર માતાજીના મંદિર ખાતે દર્શન કરીને પોતાના પ્રવાસ કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ બનાસકાંઠાના ભીલડી સ્થિત ભીલડીયાજી જૈન તીર્થ ખાતે રૂ. ૧૧.૦૩ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુર્હુત કર્યું હતું. ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા ડીસા તાલુકાના ભીલડી ગામ ખાતે આવેલ લોકોના આસ્થાનું કેન્દ્ર એવા ભીલડીયાજી જૈન તીર્થનો સર્વાંગી વિકાસ કરવામાં આવશે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં ધાર્મિક અને સાંસ્કૃતિક તીર્થસ્થાનોના વિકાસ માટે કાર્યો થઈ રહ્યા છે. ભીલડીયાજી જૈન તીર્થ અનેક લોકોની આસ્થાનું કેન્દ્ર છે અને આ મંદિર જ્ઞાન તથા તપસ્યાનું જીવંત પ્રતિક છે. અહી થનારા વિકાસ કાર્યોના કારણે સ્થાનિક લોકોને રોજગારીની તકો પ્રાપ્ત થશે તેમજ વિસ્તારના આર્થિક વિકાસને વેગ મળશે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકાર વિકાસ કાર્યો સાથે સાથે છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ યોજનાઓનો લાભ પહોંચે તે માટે કટિબદ્ધ છે. રાજ્યના ખેડૂતોને ટેકાના ભાવ, પાક નિષ્ફળ જાય ત્યારે રાહત પેકેજ સહિતની સહાય આપવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ખેડૂતોને વાર્ષિક રૂ. ૬,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. વિકાસ અને વિરાસતના સંરક્ષણ કાર્યોને આગળ ધપાવવા રાજ્ય સરકાર હરહંમેશ ખેડૂતોના પડખે ઊભી છે. આ પ્રસંગે રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર તથા ક્લાયમેટ ચેન્જ રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર લોકોના આસ્થાના કેન્દ્રોનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં સતત કાર્ય કરી રહી છે. રાજ્યના ધાર્મિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ ધરાવતા સ્થળોને વિકસિત કરીને ત્યાં આવનારા શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને વધુ સુવિધાઓ મળે તે માટે સરકાર પ્રતિબદ્ધ છે. આસ્થા કેન્દ્રોના વિકાસથી સ્થાનિક વિસ્તારના આર્થિક વિકાસને નવી દિશા મળશે તેમજ યાત્રાળુઓની સંખ્યા વધતા રોજગારી અને વેપાર-ધંધાને પણ પ્રોત્સાહન મળશે. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા જૈન તીર્થોના વિકાસ માટે કુલ ત્રણ ફેઝમાં કામ હાથ ધરવામાં આવશે. જૈન તીર્થ સર્કિટ વિકાસ ફેઝ- ૧માં તારંગા, ઇડર અને કુંભારિયાનો સમાવેશ કરવામાં આવશે, જે રૂ. ૫ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે. ફેઝ-૨માં કાવી, ભરૂચ, ઝઘડિયા તથા ગાંધારનો સમાવેશ કરવામાં આવશે, જે રૂ. ૧૮.૫૯ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે. જ્યારે ફેઝ- ૩માં ભીલડીયાજી જૈન તીર્થનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેનું આજે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. ભીલડીયાજી જૈન તીર્થ ખાતે રૂ. ૧૧.૦૩ કરોડના ખર્ચે પૂજા ગાર્ડન, સુપન ગાર્ડન, સ્કલ્પચર, ડેકોરેટિવ સ્ટ્રીટ લાઈટ, બેઠક વ્યવસ્થા તથા માર્ગ વિકાસ સહિતના મુખ્ય ઘટકોના કામો હાથ ધરવામાં આવશે.

આ કાર્યક્રમમાં દિયોદર ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણ, અગ્રણીશ્રી કીર્તિસિંહ વાઘેલા, શ્રી કનુભાઈ વ્યાસ, ભીલડીયાજી મંદિરના ટ્રસ્ટીશ્રી વિનોદભાઈ હેક્કડ, શ્રી ચંદ્રકાન્તભાઈ સંઘવી, શ્રી નીરવ શાહ, પૂર્વ ધારાસભ્યશ્રી શશીકાંતભાઈ પંડયા, એપીએમસી ચેરમેનશ્રી ગોવાભાઈ દેસાઈ, ગુજરાત પ્રવાસન નિગમના મુખ્ય ઈજનેરશ્રી સમીર રાવલ તેમજ સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ અને બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# એડવોકેટ ગોપાલ ભરવાડ સાથે કાયદાકીય માર્ગદર્શન અને વિચારવિમર્શ અર્થે મુલાકાત




ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬

નવયુવાન વયે વકીલાતના ક્ષેત્રમાં પ્રવેશ કરી એડવોકેટ ગોપાલ ભરવાડ માત્ર કાયદાની સમજ ધરાવતા વકીલ તરીકે નહીં, પરંતુ માનવીય સંવેદના, સામાજિક સમજ અને વ્યવહારિક સંબંધો સાથે માર્ગદર્શન આપનાર રાહબર તરીકે પોતાની અલગ ઓળખ ઉભી કરી રહ્યા છે. કાયદાકીય સલાહ સાથે હૂંફ, સહકાર અને આત્મવિશ્વાસ આપવાની તેમની ક્ષમતા પ્રશંસનીય છે.

તેમનું શિક્ષણ અને સંસ્કાર એ શીખવે છે કે સારા ગુણો અવગુણોને સ્વીકારી, યોગ્ય દિશા દર્શાવે અને અન્યને પણ સાચી રાહ ચીંધે એવા માર્ગદર્શક બનવું એ જ સાચી સફળતા છે.

આવા પ્રતિભાશાળી અને સંવેદનશીલ વકીલ સાહેબને દિલથી ખૂબ ખૂબ શુભેચ્છા અને આશીર્વાદ.

# અરવલ્લી ગિરીમાળાઓ બચાવો અભિયાન : ભિલોડામાં રેલી યોજી મામલતદાર ને આવેદન

ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬

ગુજરાત રાજયની પ્રાચિન ધરોહર સમાન અરવલ્લીની ગિરીમાળાઓનું સવિશેષ મહત્વ ધરાવે છે.અરવલ્લીની વિશાળ પર્વતમાળા પર સંકટ સામે ચોમેર વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયા છે.અરવલ્લીની પર્વતમાળા નષ્ટ થશે તો પ્રકૃતિને ભરપુર નુકસાન થશે, અરવલ્લીની અડીખમ પ્રાચિન પર્વતમાળા બચાવવા પ્રકૃતિ પ્રેમીઓ આક્રમક મુડમાં જોવા મળી રહ્યા છે.

અરવલ્લીની ગિરીમાળા બચાવો અભિયાન અંતર્ગત ભિલોડા તાલુકા મથકમાં હાથમતી નદીના બ્રિજ પાસે નીરસાગર પ્લાઝામાં સર્વે સમાજના રાજકીય, સામાજીક આગેવાનોએ એકત્રિત થઈ રેલી દરમિયાન જોરશોરથી સુત્રોચ્ચાર પોકાર્યા હતા.ભિલોડા મામલતદાર કચેરીમાં મામલતદાર બી.જી.ડાભી ને આવેદન પત્ર અર્પણ કર્યું હતું.




ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આદિવાસી ડિપાર્ટમેન્ટ સેલના ચેરમેન રાજેન્દ્રભાઈ પારઘી, અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ અરૂણભાઈ પટેલ, ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ કાંતિલાલ ખરાડી, સતિષભાઈ તબિયાર, રાહુલકુમાર ગામેતી, સામાજીક આગેવાન બાબુભાઈ ખાણમા, મુકેશભાઈ પટેલ, દિલીપભાઈ અસારી, જયેશભાઈ ઠાકોર, ગુલાબભાઈ પરમાર સહિત કોંગ્રેસના હોદ્દેદારો, સામાજીક સંસ્થાઓના હોદ્દેદારો, કાર્યકરો સહિત વેપારીઓ મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા હતા.કેન્દ્ર સરકાર ફેર વિચારણા કરીને સુપ્રીમ કોર્ટ ને દરમિયાન ગિરી કરીને નિર્ણય ફેર બદલ નહિ કરે તો આગામી સમયમાં જરૂર પડે તો જલદ આંદોલનું રણશિગું ફુંકાશે, વિરોધ પ્રદર્શનના વિશેષ કાર્યક્રમો આપવામાં આવશે તેવી ગર્ભિત ચિમકી ઉચ્ચારી હતી.

# અરવલ્લી એલસીબી પોલીસે મેઢાસણ માલપુર અને શામળાજી ગામની સીમમાંથી વિદેશી દારૂ ઝડપયો





ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન ની હદ માં મેઢાસણ ગામની સીમના મેઢાસણ જીવણપુર રોડ ઉપરથી અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે ટાટા કાર ગાડીમાંથી વિદેશી દારૂ કિંમત રૂપિયા૧.૪૨૫૬૦ અને કાર સહિત૪.૪૨૫૬૦ નો મુદ્દા માલ ઝડપી લઇ કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે દારૂ ભરીને આવેલ કારચાલક કારને ઝાડ સાથે અથડાવી કાર મૂકીને ફરાર થઈ ગયો હતો

માલપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારના ડામોરના મુવાડા માં જાડી જાખરામાં સંતાડેલો રૂ.૨.૫૫૧૨૦ વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો

ગેર કાયદેસર રીતે પાસ પરમીટ વગર દારૂ રાખનાર હસમુખભાઈ વીરાભાઇ ડામોર મળી આવ્યો નથી શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારના આણસોલ ગામની સીમમાંથી વિદેશી દારૂ કિંમત રૂ.૩.૧૬૭૬૦ કાર સહિત રૂ.૭.૧૬૭૬૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે

દારૂ ભરી લાવનાર કાર ચાલક કાર મુકી ફરાર

# લાખણીમાં બાંગ્લાદેશમાં હિન્દુ પર થતા અત્યાચાર વિરૂદ્ધ પૂતળાં દહન કરાયું

**કટ્ટરપંથીઓ વિરૂદ્ધ ભારે સૂત્રોચાર કરી વિરોધ પ્રદર્શન કરાયું**



ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬

બાંગ્લાદેશમાં વસતા લઘુમતી હિન્દુ સમાજ પર થતા અત્યાચાર વિરૂદ્ધ લાખણી ખાતે વિશ્વ હિન્દુ પરિષદ લાખણી પ્રખંડ અને બજરંગ દળના કાર્યકર્તાઓ પૂતળાં દહન કરી વિરોધ નોંધાવ્યો હતો. બાંગ્લાદેશમાં સર્જાયેલ અરાજકતાની સ્થિતિના કારણે ત્યાં વસતા ભારતીયો તેમજ લઘુમતી હિન્દુ સમાજ અત્યાચાર ભોગવી રહ્યા છે જેને લઈને સમગ્ર ભારતભરમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે વાવ થરાદ જીલ્લાના તાલુકા મથક લાખણી ખાતે પણ આ ઘટનાના પ્રત્યેના પડઘા પડવા પામ્યા છે. લાખણી ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જૂના બસ સ્ટેન્ડ પાસે એકત્ર થયા હતા જ્યા બાંગ્લાદેશ અને કટ્ટરપંથીઓ વિરૂદ્ધ ભારે સૂત્રોચાર કરી વિરોધ પ્રદર્શન સાથે પૂતળું સળગાવવામાં આવ્યું હતું અને પોતાનો વિરોધ નોંધાવી સમગ્ર ઘટનાને કડક શબ્દોમાં વખોડી બાંગ્લાદેશમાં વસતા હિન્દુઓ શોષણ મુક્ત વાતાવરણ મળી રહે તેવી માંગ કરાઇ હતી.

# ભાભર પોલીસે પરપ્રાંતીય બિયર દારૂ સાથે ઈકકો ગાડી ઝડપી



ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬

થર્ટી ફર્સ્ટ ને લઈ પોલીસ એલર્ટ મોડ માં છે પોલીસ દ્વારા પેટ્રોલિંગ તેમજ વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે ભાભર પોલીસ સ્ટાફ પેટ્રોલિંગ માં હતો તે દરમિયાન હકીકત બાતમી મળતા ભાભરના બલોધણ દેવકાપડી જતાં રોડ પર ઈકકો ગાડી નં.૨૪ ૦૮મ્જી ૯૨૭૬ ને ઉભી રાખવાનો ઈશારો કરતા ગાડી ચાલકે ગાડી ભગાડી મુકેલ પોલીસે ફિલ્મી ઢબે ગાડીનો પીછો કરેલ ગાડી ચાલક પોલીસ ને જોઈ બલોધણ ગામની સીમમાં ગાડી મુકી નાસી ગયેલ પોલીસે ગાડી ની તલાસી લેતાં ગાડીમાંથી પાસ પરમીટ વગર નો પરપ્રાંતીય ઈંગ્લીશ બિયર દારૂ બોટલ નંગ ૨૨૮ મળી આવેલ પોલીસે ગાડી સહિત ૨,૪૫૩૯૬ નો મુદ્દામાલ ભાભર પોલીસે મથકે લાવી નાસી ગયેલ ગાડી ચાલક વિરૂધ્ધ પ્રોહીબિશન એકટ મુજબ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ.

# જાયન્ટ્સ હિંમતનગર સહિયર દ્વારા સિદ્ધાર્થ પબ્લિક સ્કૂલમા કાર્યક્રમ યોજાયો



ટ્રેન્ડ ગુજરાત , તા.૨૬

હિંમતનગર બાયપાસ રોડ પર આવેલી સિદ્ધાર્થ પબ્લિક સ્કૂલમા વિવિધ કાર્યક્રમ યોજાયા જેમા જાયન્ટ્સ હિંમતનગર સહિયર દ્વારા એક અથવા બે દીકરીના માતા પિતાનુ સન્માન કરવામા આવ્યુ શાળા દ્વારા ક્રિસ્મસની ઉજવણી તેમજ ફેન્સી ડ્રેસ કોમ્પિટિશનનુ આયોજન કરવામા આવ્યુ જેમા નંબર પ્રાપ્ત કરનાર બાળકોને ગ્રુપ દ્વારા ઈનામ આપવામા આવ્યા શાળાના ટ્રસ્ટી અરુણભાઈ સુતરીયા, આચાર્ય મિતેશભાઈ તથા સ્ટાફ મિત્રોએ સારો સાથ સહકાર આપ્યો આજના કાર્યક્રમમા પ્રમુખ રાજેશ્રીબેન ત્રિવેદી, પૂર્વ પ્રમુખ સોનલબેન મહેતા, દક્ષાબેન, હીનાબેન, વિમળાબેન, રેખાબેન, એકતાબેન હાજર રહ્યા વિદ્યાર્થીઓ ખૂબ સુંદર તૈયાર થઈને આવ્યા હતા. વાલીઓ પણ હાજર રહ્યા હતા.

# માતાએ ૫ વર્ષના પુત્ર સાથે ૧૪મા માળેથી લગાવી મોતની છલાંગ

ટ્રેન્ડ ગુજરાત, તા.૨૬ સુરત, શહેરના અલથાણ વિસ્તારમાં આવેલ સુમન અમૃત આવાસમાં આજે એક અત્યંત કરુણ અને ચકચારી ઘટના સામે આવી છે. એક અજાણી મહિલાએ પોતાના ૫ વર્ષના માસુમ પુત્ર સાથે બિલ્ડિંગના ૧૪મા માળેથી પડતું મૂકી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ ગમખ્વાર બનાવમાં માસુમ બાળકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. જ્યારે માતાની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મહિલા જ્યારે તેના પુત્ર સાથે ૧૪મા માળેથી નીચે કૂદી ત્યારે તે નીચે પાર્ક કરેલી એક કાળા રંગની કાર પર પટકાઈ હતી. ઊંચાઈએથી પટકાવાને કારણે કારનો પાછળનો ભાગ અને કાચ સંપૂર્ણપણે ચગદાઈ ગયા હતા. આ અકસ્માતમાં ૫ વર્ષના બાળકને ગંભીર ઈજાઓ પહોંચતા તેણે દમ તોડ્યો હતો. લોહીલુહાણ હાલતમાં માતાને તાત્કાલિક સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે. જ્યાં તે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે.

બનાવની જાણ થતાં જ ખટોદરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. તપાસ દરમિયાન કેટલીક મહત્વની વિગતો સામે આવી છે.આશ્ચર્યની વાત એ છે કે આવાસમાં રહેતા રહીશો આ મહિલાને ઓળખતા નથી. પોલીસને શંકા છે કે મહિલા આત્મહત્યા કરવાના ઈરાદે જ બહારથી આ બિલ્ડિંગમાં આવી હોઈ શકે છે.

ખટોદરા પીઆઈ ભાવેશ રબારીના જણાવ્યા અનુસાર, પ્રાથમિક દ્રષ્ટિએ આ આત્મહત્યાનો મામલો જણાય છે. પોલીસ હાલ સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ સોર્સની મદદથી મહિલાની ઓળખ કરવાના પ્રયાસ કરી રહી છે. આ ઘટના સવારે અંદાજે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ બની હતી.

એક માતાએ પોતાના જ વહાલસોયા પુત્ર સાથે આવું આત્મઘાતી પગલું કેમ ભર્યું? તે ક્યાંની રહેવાસી છે. તેવા અનેક પ્રશ્નો હાલ વણઉકેલ્યા છે.

# કારીગરે જ ૧૦ મિનિટમાં કારખાનામાંથી ૧૬ કિલો ચાંદી ચોરી

ટ્રેન્ડ ગુજરાત, તા.૨૬ રાજકોટ

રાજકોટ શહેરમાં અલગ-અલગ ચાંદીની પેઢી પાસેથી કાચું ચાંદી લાવી ઓર્ડર મુજબ દાગીના બનાવી આપવાનું કામ કરતા મૂળ મહારાષ્ટ્રના દંપતિને ત્યાં દોઢ મહિના પહેલાં નોકરીએ રાખેલા વેલનાથપરાના કારીગરે ૧૦ મિનિટમાં જ રૂપિયા ૧૭.૯૦ લાખની ૧૬ કિલો ચાંદીની ચોરી કરનાર શખસને ઝોન-૧ એલસીબીની ટીમે ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. રાજકોટના મોરબી રોડ પર સેટેલાઈટ ચોક નજીક શાંતિકુંજ સોસાયટીમાં રહેતા રાહુલ ધોંડીરામ સાવંત (ઉ.વ.૩૨) ૧૨ વર્ષથી રાજકોટમાં ચાંદીકામનો વ્યવસાય કરે છે. રાહુલ અલગ-અલગ ચાંદીની પેઢીઓ પાસેથી કાચું ચાંદી લાવી ઓર્ડર પ્રમાણે દાગીના બનાવી આપે છે. લાતી પ્લોટ શેરી નં.૧૧માં આવેલા દિલીપ હરિભાઈ કાછડીયાના આઈ શ્રી ખોડિયાર સિલ્વર નામની પેઢીમાંથી ત્રણ દિવસ પહેલાં ૧૬,૮૦૨ ગ્રામ કાચુ ચાંદી નાના બાળકોના કડા અને કાસ્ટીંગ લોક બનાવવા માટે લાવ્યો હતો. જે ચાંદી તેને ત્યાં દોઢ મહિના પહેલાં નોકરીએ લાગેલો વેલનાથપરાનો વિજય નટુભાઈ નાગાણી ચોરી ગયો હતો.

# સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ફરી એકવાર હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત

ટ્રેન્ડ ગુજરાત, તા.૨૬ સુરત

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ ધીરે ધીરે ડ્રગ્સ માફિયાઓ માટે નવો કોરિડોર બની રહ્યું હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. હજુ બે દિવસ પહેલા જ મોટી માત્રામાં હાઈબ્રિડ ગાંજો પકડાયા બાદ, ફરી એકવાર કસ્ટમ વિભાગે બેંગકોકથી આવેલી એક મહિલા પાસેથી કરોડોની કિંમતનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપી પાડ્યો છે. મુસાફરોની હિલચાલ અને પ્રોફાઈલિંગના આધારે સુરત કસ્ટમ વિભાગ અને AIU ના અધિકારીઓ એલર્ટ પર હતા. તે દરમિયાન બેંગકોકથી આવેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ નં. IX-263માં એક મહિલા મુસાફરની વર્તણૂક શંકાસ્પદ જણાતા તેને અટકાવવામાં આવી હતી. મહિલાના સામાનની સઘન તપાસ કરતા તેમાંથી ૭ વેક્યુમ-પેક્ડ પારદર્શક પોલીથીન પેકેટ મળી આવ્યા હતા. જેમાં તપાસ કરતા લીલા રંગનો શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો. ફોરેન્સિક પરીક્ષણમાં આ પદાર્થ 'હાઈડ્રોપોનિક ગાંજો' હોવાની પુષ્ટિ થઈ હતી. અધિકારીઓએ કુલ ૩,૧૧૪.૧૫ ગ્રામ (આશરે ૩.૧૧ કિલો) ગાંજો કબજે કર્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ હાઈડ્રોપોનિક ગાંજાની કિંમત રૂ. ૧ કરોડથી વધુ આંકવામાં આવી રહી છે. કસ્ટમ વિભાગે NDPS એક્ટ, ૧૯૮૫ની વિવિધ જોગવાઈઓ હેઠળ ગુનો નોંધીને

# સુરતમાં જિંદગી-મોત વચ્ચે ઝૂલતા દાદાનું દિલધડક રેસ્ક્યૂ



ટ્રેન્ડ ગુજરાત, તા.૨૬ સુરત, શહેરના રાંદેર ઝોનમાં આવેલા જહાંગીરાબાદ વિસ્તારમાં આજે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી. ડી-માર્ટ પાસે આવેલી ટાઈમ ગેલેક્સી બિલ્ડિંગના ૧૦મા માળેથી એક આધેડ અચાનક નીચે પટકાયા હતા. જોકે, નસીબજોગ તેઓ ૮મા માળની બારીની બહાર લાગેલી સેફ્ટી ગ્રીલમાં ફસાઈ જતા તેમનો આબાદ બચાવ થયો હતો. ફાયર વિભાગે ભારે જહેમત બાદ એક કલાકના અંતે તેમને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. મળતી માહિતી મુજબ, ટાઈમ ગેલેક્સીના A બિલ્ડિંગમાં ૧૦મા માળે રહેતા ૫૭ વર્ષીય નીતિનભાઈ અડીયા બપોરના સમયે પોતાના ઘરની બારી પાસે સુતા હતા. ઊંઘ દરમિયાન અચાનક પડખું ફેરવતા તેઓ બારીમાંથી નીચે ગબડ્યા હતા અને સીધા નીચે પટકાયા હતા.

૧૦મા માળેથી નીચે પડતી વખતે, ૮મા માળની બારીની બહાર લગાવેલી લોખંડની જાળીમાં નીતિનભાઈનો પગ ફસાઈ ગયો હતો. તેઓ હવામાં ઊંધા લટકી ગયા હતા. આ દ્રશ્ય જોઈ આસપાસના લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા. તાત્કાલિક ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવતા જહાંગીરપુરા, પાલનપુર અને અડાજણ ફાયર સ્ટેશનની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી.

# ઓસ્ટ્રેલિયા સામે એશિઝ ગુમાવ્યા કોચ બદલવા માગ

ટ્રેન્ડ ગુજરાત, તા.૨૬ સિડની, ઓસ્ટ્રેલિયા સામેની એશિઝ સિરીઝમાં સતત ત્રણ ટેસ્ટ હારીને સિરીઝ ગુમાવ્યા બાદ ઈંગ્લેન્ડ ક્રિકેટમાં ભૂકંપ આવ્યો છે. કેપ્ટન બેન સ્ટોક્સ અને કોચ બ્રેન્ડન મેક્કુલમની પ્રખ્યાત 'બેઝબોલ' વ્યૂહરચના ફ્લોપ સાબિત થતા હવે ઈંગ્લેન્ડના પૂર્વ ખેલાડીઓએ જ ટીમના માર્ગદર્શક બદલવાની માંગ કરી છે. ઈંગ્લેન્ડના પૂર્વ સ્પિનર મોન્ટી પાનેસરે ભારતના પૂર્વ કોચ રવિ શાસ્ત્રીને ઈંગ્લેન્ડના મુખ્ય કોચ બનાવવાની જોરદાર ભલામણ કરી છે.

મોન્ટી પાનેસરે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે ઈંગ્લેન્ડને હવે એવા કોચની જરૂર છે જે ઓસ્ટ્રેલિયાની નબળાઈઓને જાણતા હોય. પાનેસરે કહ્યું કે, 'રવિ શાસ્ત્રી ઈંગ્લેન્ડ માટે સર્વશ્રેષ્ઠ પસંદગી હોઈ શકે છે. તેમની પાસે ઓસ્ટ્રેલિયાને તેમના જ ઘરઆંગણે હરાવવાનો અનુભવ છે. રવિ શાસ્ત્રી જાણે છે કે ઓસ્ટ્રેલિયનો સામે માનસિક, શારીરિક અને વ્યૂહાત્મક રીતે કેવી રીતે લડવું. જો ઈંગ્લેન્ડે આગળ વધવું હોય તો શાસ્ત્રીને જવાબદારી સોંપવી જોઈએ.'

ઉલ્લેખનીય છે કે, રવિ શાસ્ત્રીના કોચિંગ હેઠળ ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયામાં જે હાંસલ કર્યું છે, તે અત્યાર સુધી અન્ય કોઈ એશિયન ટીમ કરી શકી નથી. તેનાના માર્ગદર્શન હેઠળ ભારતે ઓસ્ટ્રેલિયાને તેની જ ધરતી પર બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં બે વાર હરાવ્યું. ૨૦૧૮-૧૯માં ભારતે ઓસ્ટ્રેલિયામાં પહેલીવાર ટેસ્ટ સીરિઝ જીતી. ૨૦૨૦-૨૧માં




૩૬ રનથી ઓલઆઉટ થયા બાદ ભારતીય ટીમે રવિ શાસ્ત્રીના કોચિંગ હેઠળ શાનદાર વાપસી કરી, અને ઈજાઓથી સંઘર્ષ કરવા છતાં, ટીમ ઈતિહાસ રચવામાં સફળ રહી. મે ૨૦૨૨માં બ્રેન્ડન મેક્કુલમ કોચ બન્યા ત્યારે તેમણે શરૂઆતમાં ૧૧માંથી ૧૦ ટેસ્ટ જીતીને તરખાટ મચાવ્યો હતો. પરંતુ હવે સ્થિતિ બદલાઈ છે. મેક્કુલમના નેતૃત્વમાં ઈંગ્લેન્ડ ભારત કે ઓસ્ટ્રેલિયા સામેની મોટી પાંચ મેચની સીરિઝ જીતવામાં નિષ્ફળ રહ્યું છે.

ઓસ્ટ્રેલિયન બોલરો સામે ઈંગ્લેન્ડની આક્રમક રમવાની શૈલી (Bazball) આત્મઘાતી સાબિત થઈ રહી છે.

બ્રેન્ડન મેક્કુલમનો કરાર ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધી છે, પરંતુ એશિઝમાં ૦-૩થી પાછળ રહ્યા બાદ હવે જો ઈંગ્લેન્ડ ૦-૫થી વ્હાઈટવોશ થાય, તો ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ (ECB) આકરા નિર્ણયો લેવા મજબૂર બની શકે છે.

# ૧૭ વર્ષ પછી ડાર્ક પ્રિન્સનું બાંગ્લાદેશમાં આગમન

ટ્રેન્ડ ગુજરાત, તા.૨૬ ઢાકા, બાંગ્લાદેશી રાજકારણમાં એક મોટા ઘટનાક્રમમાં, બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના વડા બેગમ ખાલિદા ઝિયાના પુત્ર તારિક રહેમાન લગભગ ૧૭ વર્ષની લાંબી ગેરહાજરી પછી ઘરે પરત ફર્યો છે. તારિક રહેમાનના પાછા ફરવાથી BNP સમર્થકોમાં ભારે ઉત્સાહ ફેલાયો છે, અને તેને દેશના રાજકીય પરિદ્રશ્યમાં એક વળાંક તરીકે જોવામાં આવી રહ્યો છે.

તારિક રહેમાનનું પાછા ફરવું એવા સમયે આવ્યું છે જ્યારે બાંગ્લાદેશ ગંભીર રાજકીય અસ્થિરતાનો અનુભવ કરી રહ્યું છે. દેશના વિવિધ ભાગોમાં હિંસક વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે, જ્યારે જમાત-એ-ઈસ્લામી જેવી કટ્ટરપંથી શક્તિઓ પોતાનો પ્રભાવ વધારી રહી છે.

તારિક રહેમાનનું પાછા ફરવું દિલ્હી માટે ખાસ મહત્વ ધરાવે છે. ભારત તરફી માનવામાં આવતી અવામી લીગને ચૂંટણી લડવા પર પ્રતિબંધ છે, અને ખાલિદા ઝિયા હોસ્પિટલમાં દાખલ છે. આ સમયે, બાંગ્લાદેશ એક એવા ક્રોસરોડ પર ઊભું છે, જ્યાં મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર હેઠળ કટ્ટરપંથી ઈસ્લામિક તત્વો સક્રિય છે અને ભારત વિરોધી નિવેદનબાજી વધી રહી છે. ભારતની સૌથી મોટી ચિંતા જમાત-એ-ઈસ્લામી છે, જેને પાકિસ્તાનની ISI નું સમર્થક માનવામાં આવે છે. શેખ હસીના સરકાર દરમિયાન પ્રતિબંધિત, જમાતે ગયા વર્ષે સત્તા પરિવર્તન પછી રાજકારણમાં ફરી પ્રવેશ કર્યો છે. તાજેતરના ઓપિનિયન પોલ અનુસાર, BNP ચૂંટણીમાં સૌથી વધુ બેઠકો જીતવાની ધારણા છે, પરંતુ તેના ભૂતપૂર્વ સાથી, જમાત-એ-ઈસ્લામી, તેને સખત ટક્કર આપી રહી છે. ઢાકા યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં જમાતની વિદ્યાર્થી પાંખની અણધારી જીતથી પણ ભારતની ચિંતા વધી છે.

ભારત BNP ને પ્રમાણમાં ઉદાર અને લોકશાહી વિકલ્પ તરીકે જુએ છે, બંને વચ્ચે ઐતિહાસિક રીતે તણાવપૂર્ણ સંબંધો હોવા છતાં. નવી દિલ્હીને આશા છે કે તારિક રહેમાનનું પુનરાગમન પાર્ટીના કાર્યકરોને ફરીથી ઉત્સાહિત કરશે અને BNP ને આગામી સરકાર બનાવવામાં સક્ષમ બનાવશે. શેખ



હસીનાના શાસન દરમિયાન, બાંગ્લાદેશે ભારત સાથે ગાઢ સંબંધો જાળવી રાખ્યા હતા અને ચીન અને પાકિસ્તાનથી સંતુલિત અંતર જાળવી રાખ્યું હતું. યુનુસ સરકાર દરમિયાન, પાકિસ્તાન સાથે નિકટતા વધી હતી અને ભારતથી અંતર જોવા મળ્યું હતું. ભારતને આશા છે કે BNPના સત્તામાં આવવાથી વિદેશ નીતિમાં પરિવર્તન આવશે. ૧ ડિસેમ્બરના રોજ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરમાં ખાલિદા ઝિયાના સ્વાસ્થ્ય માટે ચિંતા વ્યક્ત કરી અને ભારતે સહયોગની વાત કરી હતી. જેના જવાબમાં BNP એ કૃતજ્ઞતા સાથે પ્રતિક્રિયા આપી, જે વર્ષોથી તણાવપૂર્ણ સંબંધો વચ્ચે એક દુર્લભ સકારાત્મક સંકેત છે.

# ભારત-ચીનની વચ્ચે વિવાદ કરાવવા અમેરિકાનું કાવતરું?



ટ્રેન્ડ ગુજરાત, તા.૨૬ બેઈજીંગ, ભારત અને ચીન વચ્ચે વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર ઘટી રહેલા તણાવ અને સુધરી રહેલા સંબંધો વચ્ચે અમેરિકાના એક રિપોર્ટે નવો વિવાદ છેડ્યો છે. અમેરિકી સંરક્ષણ મંત્રાલય પેન્ટાગોનના ૨૦૨૫ના વાર્ષિક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ચીન ભારત સાથે સંબંધો સુધારવાનો 'ઢોંગ' કરી રહ્યું છે જેથી ભારત અને અમેરિકાની નિકટતા અટકાવી શકાય. આ રિપોર્ટ પર ચીને આકરી પ્રતિક્રિયા આપતા તેને ભારત-ચીન વચ્ચે વિખવાદ ઊભો કરવાનું અમેરિકી કાવતરું ગણાવ્યું છે.

અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઑફ ડિફેન્સ(પેન્ટાગોન)ના વાર્ષિક રિપોર્ટમાં ચીનની વ્યૂહરચના પર ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે, આ રિપોર્ટ અનુસાર, ચીન ભારત-અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત થતી રોકવા માટે ન્છઝ પર તણાવ ઓછો કરવાનો લાભ લઈ રહ્યું છે. એકતરફ ચીન ભારત સાથે શાંતિની વાત કરે છે, તો બીજી તરફ પાકિસ્તાન સાથે લશ્કરી સહયોગ વધારી રહ્યું છે. આ ઉપરાંત ચીન હજુ પણ અરુણાચલ પ્રદેશને તેના કોર ઈન્ટરેસ્ટ(મુખ્ય હિત)ના ભાગ તરીકે જુએ છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાનએ એક પ્રેસ કોન્ફરન્સમાં અમેરિકાને ખખડાવતાં જણાવ્યું હતું કે, ચીન તેની સંરક્ષણ નીતિ પર પેન્ટાગોનની ટિપ્પણીઓનો સખત વિરોધ કરે છે. ભારત અને ચીન વચ્ચેનો સરહદ વિવાદ એ દ્વિપક્ષીય મામલો છે. અમે આ મુદ્દે કોઈપણ ત્રીજા દેશના હસ્તક્ષેપ કે ટિપ્પણીનો વિરોધ કરીએ છીએ.

ચીન ભારત સાથેના સંબંધોને લાંબા ગાળાના અને વ્યૂહાત્મક દ્રષ્ટિકોણથી જુએ છે. બેઈજીંગ ભારત સાથે પરસ્પર વિશ્વાસ વધારવા અને સંબંધોને ફરી પાટા પર લાવવા માટે કટિબદ્ધ છે. ચીને આક્ષેપ કર્યો છે કે અમેરિકા એશિયામાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે પડોશી દેશો વચ્ચે ખાઈ ઊભી કરવાનું કામ કરી રહ્યું છે. ભારત માટે આ રિપોર્ટ સતર્ક રહેવાનો સંકેત છે. ભલે ઑક્ટોબર ૨૦૨૪થી સરહદ પર ડિસએન્ગેજમેન્ટ (સેના પાછળ હટાવવી) પ્રક્રિયા શરુ થઈ હોય, પરંતુ અમેરિકાની આ ચેતવણી સૂચવે છે કે ચીનનો ઈરાદો માત્ર 'વ્યૂહાત્મક શાંતિ' પૂરતો હોઈ શકે છે. ભારત હાલમાં બંને મહાસત્તાઓ સાથે સંતુલન જાળવીને આગળ વધી રહ્યું છે.

# ગુજરાતના ૧૦ યુવકો મ્યાનમારમાં ફસાયા

ટ્રેન્ડ ગુજરાત, તા.૨૬ મ્યાનમાર, વિદેશમાં નોકરીનું વળગણ ગુજરાતના ૧૦ યુવકોને ભારે પડ્યું છે. સાવલી તાલુકાના સાંઢાસાલ ગામના ગુંજન શાહ સહિત ગુજરાતના કુલ દસ યુવકો નોકરીની લાલચે ગયા બાદ મ્યાનમારમાં ફસાયા છે. છેલ્લા વીસ દિવસ અટવાયા બાદ યુવકોએ વીડિયો વાયરલ કરી મદદ માટે પોકાર લગાવ્યો છે.

વાયરલ વીડિયોમાં અનેક યુવકો દેખાઈ રહ્યા છે. જેમાંથી એક યુવકે આપવીતી જણાવતાં કહ્યું હતું કે અમને ઠગો કરીને અહીં લાવવામાં આવ્યા છે. અમને કામ આપવાના બહાને કહ્યું હતું કે તમને ડેટા એન્ટ્રીનું કામ મળશે. કોઈને જાહેરાત કરવાની લાલચ આપી બોલાવવામાં આવ્યા, અહીં આવ્યા ત્યારે ખબર પડી કે અમને અલગ જ કામ કરાવે છે એ પણ બળજબરીપૂર્વક, અમને ક્યાંય જવા પણ નથી દેતા અને ૧૪થી ૧૮ કલાક સુધી કામ કરાવે છે. વીડિયોમાં ઘણા બધા યુવકો અને યુવતીઓ છે જે મોઢે માસ્ક પહેરી ઊભા છે. વધુમાં યુવકે જગ્યાનું નામ આપતાં જણાવ્યું કે અમને કંપનીમાંથી નીકળવાનો મોકો મળ્યો એટલે મ્યાનમારમાં માયાવાડી કરીને વિસ્તાર છે જ્યાં એક દ્ર્દછે ત્યાં ૪ ડિસેમ્બરથી અમે રોકાયેલા છીએ, ૭ તારીખે અમારું ઈમિગ્રેશન થઈ ચૂક્યું છે. પરંતુ અમારી પાસે ફોન નથી એટલે અમે કોઈનો કોન્ટેક્ટ નથી કરી શકતા, તો અમે ભારત સરકારને વિનંતી કરીએ છીએ કે દરેક રાજ્યમાંથી અહીંયા લોકો ફસાયેલા છે. જો તમને આ વીડિયો મળે તો અમને અહીંથી કાઢવાનો પ્રયાસ કરો

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ પ્રકારના રેકેટ બાબતે લોકોને જાગૃત કરતો એક વીડિયો બનાવવામાં આવ્યો હતો. જેને જોયા બાદ પોતે પણ ફસાયા અને છેતરાયા હોવાનું પ્રતીત થતાં કંપનીમાંથી ગુજરાતના ૧૦ સહિત દેશના અનેક રાજ્યોના યુવકો કંપનીમાંથી છટકબારી શોધી ભાગી છૂટ્યા હતા. જેમાંથી સાવલીના સાંઢાસાલ ગામનો ગુંજન શાહ નામનો યુવક પણ વીસથી વધુ દિવસથી ત્યાં ફસાયો છે. પરિવારને ફસાયેલા યુવકો અંગે જાણ થતાં તે ચિંતાતુર બન્યો છે. અને ગુજરાત અને ભારત સરકારને યોગ્ય મદદ માટે રજૂઆત કરી રહ્યો છે.



ગુંજન શાહની માતાએ ગળે ડૂમો ભરાયેલી શબ્દોમાં કહ્યું કે મારો દીકરો થાઈલેન્ડના તાકમાં ચાર મહિનાથી ગયો હતો છેલ્લા ૨૦ દિવસથી તેમણે અજુગતું લાગતાં ત્યાંથી નીકળી મ્યાનમાર જઈ ત્યાં ફાઈલ રિપોર્ટ આપી દીધા છે. જે અમે પણ સરકારને સોંપી દીધા છે પણ હજુ સુધી કોઈ એક્શન લેવામાં આવ્યા નથી.

અમે મીડિયા દ્વારા ધ્યાન દોરવા માંગીએ છીએ કે દરેક ભારતીય છોકરા જે ફસાયા છે તેમણે પરત ભારત લાવવા માટે વ્યવસ્થા કરવામાં આવે. ફસાયેલા ગુંજન શાહના પિતાએ કહ્યું કે ત્યાંની સરકારે ઈમિગ્રેશન મંજૂર કરી દીધું છે ભારત સરકાર મદદ કરે તેવી આશા છે.

"THIS NEWSPAPER/PERIODICAL IS PUBLISHED BY RIJVAN MANSURI FROM A 12 MULCHAND PARK, PETHAPUR, DISTRICT GANDHINAGAR, GUJARAT – 382610 ON BEHALF OF RIJVAN MANSURI, EDITED BY RIJVAN MANSURI AND PRINTED BY THAKAR ILEVAN HASMUKHRAI AT JAY GRAPHICS AND PRINTERS, C/15, VIKRAM CHAMBERS, INCOME TAX, ASHRAM ROAD, AHMEDABAD – 380009."